અપીલ અરજી નં.૧૪૧ તા.૧૦–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશચંદ્ર છોટાલાલ ગેડીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશચંદ્ર છોટાલાલ ગેડીયાની તા.૧૧–૪–૧૧ ની અરજીથી (૧) અમો ૪૦૩, મણીકુંજ એપાર્ટ., માં રહીએ છીએ જે રહેણાંક વિસ્તાર છે પરંતુ હાલ તે ઈન્ડ. વિસ્તાર કરવામાં આવેલ છે જે ન કરવા બાબતે અગાઉ આપની કચેરીમાં તા.૨૭–૧–૧૧ ના રોજ અરજી કરેલ પરંતુ તેનો આજ સુધી જવાબ મળેલ નથી. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૪૧/૨૦૧૧–૧૨

શ્રી રમેશચંદ્ર છોટાલાલ ગેડીયાની તા.૧૧–૪–૧૧ ની અરજીથી (૧) અમો ૪૦૩, મણીકુંજ એપાર્ટ., માં રહીએ છીએ જે રહેણાંક વિસ્તાર છે પરંતુ હાલ તે ઈન્ડ. વિસ્તાર કરવામાં આવેલ છે જે ન કરવા બાબતે અગાઉ આપની કચેરીમાં તા.૨૭–૧–૧૧ ના રોજ અરજી કરેલ પરંતુ તેનો આજ સુધી જવાબ મળેલ નથી. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૫ તા.૧૬–૫–૧૧ થી આપેલ માહિતી અપૂરતી તેમજ ખામીવાળી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારની મુળ અરજી, તબદીલ પત્રની નકલ મોકલવા તથા તેઓ કક્ષાએથી આપેલ અરજી દિન–૧૫ ના વિલંબથી મોકલવામાં આવેલ તેની સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૮ તા.૨–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી અપૂરતી અને ખામીવાળી હોવા અંગે તેઓ કક્ષાએ ઉપલબ્ધ આધારસહ પુરાવા રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ સંકલનના નામથી તા.૧–૭–૧૧ ના રોજ મુળ અરજીની નકલ, આપેલ માહિતી પત્ર તા.૧૬–૫–૧૧ ની નકલો મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૧–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતો રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૧–૪–૧૧ ની અરજીથી ૪૦૩ મણીકુંજ એપાર્ટ જગદીશનગર –૨ અને ૩ માં અમો રહીએ છીએ તે વિસ્તારમાં હાલ ઈન્ડ. વિસ્તાર કરવામાં આવેલ છે તે બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૫ તા.૧૬–૫–૧૧ થી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ અમો ૪૦૩, મણીકુંજ એપાર્ટ., જગદીશનગર પ્લોટ નં.૨ અને ૩ રહીએ છીએ જે હાલ રહેણાંક વિસ્તાર છે પરંતુ હાલ તે ઈન્ડ. વિસ્તાર કરવામાં આવેલ છે જે ન કરવા બાબતે અગાઉ આપની કચેરીમાં તા.૨૭–૧–૧૧ ના રોજ અરજી કરેલ પરંતુ તેનો આજ સુધી જવાબ મળેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જગદીશનગર સોસા. પ્લોટ નં.૨ અને ૩ માં બાંધવામાં આવેલ મણીકુંજ એપાર્ટ કે આસપાસ જગદીશનગરનો વિસ્તાર વરાછાઝોન તરફથી ઈન્ડ. તરીકે જાહેર કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ મુદ્દા નં.૧ માં દર્શાવેલ તથા કરવામાં આવેલ અરજીનો જવાબ આપવામાં શા માટે વિલંબ થયેલ છે તેની માહિતી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોનના રહેણાંકના વિસ્તારમાં મશીન મુકવા કોઈ પરવાનગી આપવામાં આવતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ મુદ્દા નં.૧ માં દર્શાવેલ તથા આવેલ અરજી છતાં પણ અમારી અરજી બાદ આ અમારા એપાર્ટ.માં ઈન્ડ. પ્રવૃતિ ચાલવા લાગી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એપાર્ટ. માં ઈન્ડ. પ્રવૃતિ /ન્યુસન્સ અંગે તમો પોલીસ ફરીયાદ કરીને પણ અટકાવી શકો છો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ જે આપે આ એપાર્ટ. ઈન્ડ. કરેલ હોય તો કયા નિયમ આધારીત કરેલ છે તેના નિયમની કોપી આપવા આપને વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોન કક્ષાએથી એપાર્ટ. ને ઈન્ડ. કરવામાં આવેલ નથી. જે અંગે અરજદારે આપેલી માહિતી અપૂરતી તેમજ ખામીવાળી હોવાનું જણાવી તા.૧૦–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અપીલ તબકકે અરજદાર પાસેથી અપીલમાં કરેલી રજૂઆત અંગે આધારસહ વિગતો માંગવામાં આવેલ.

જે અંગે અરજદારે તા.૧૧–૭–૧૧ ના પત્રથી મુદ્દા નં.૨ માં મશીન મુકવાની કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી છતાં ગેરકાયદેસર રીતે અનેક મશીનો ચાલે છે તેમજ તેના ઈન્ડ. વપરાશનો વેરો પણ વસુલ કરવામાં આવે છે. તો જે વિસ્તારમાં ઈન્ડ. પ્રવૃતિની પરવાનગી આપવામાં આવેલ નથી તે વિસતારમાં ઈન્ડ. વેરાનું બીલ કયા નિયમના આધારે વસુલ કરવામાં આવે છે તેવી રજૂઆત કરેલ છે જે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે અંગે આરટીઆઈ કાયદાની જોગવાઈ અને નિયમ અનુસાર અલાયદી અરજી કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે. મુદ્દા નં.૩ બાબતે અમારા એપાર્ટ. માં ચાલતી ગેરકાયદેસર રીતે ઈન્ડ. પ્રવૃતિ કેટલા સમયમાં બંધ કરવામાં આવશે તે જણાવેલ નથી અને ગેરકાયદેસર ઔદ્યોગિક પ્રવૃતિ ખુબ જ અગવડતા કરે છે અને હેરાન થઈએ છીએ અને ગેરકાયદેસર પ્રવૃતિ બંધ કરવાની રજૂઆત કરેલ છે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અરજદારે અપીલ તબકકે મુદ્દ નં.૩ માં કાર્યવાહીને લગતી રજૂઆત અપીલ તબકકે આપેલ પૂરક વિગતોમાં કરેલ છે જે અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદાર કે જાહેર માહિતી અધિકારીએ પણ પક્ષકાર ધ્વારા અરજદારની તા.૨૭–૧–૧૧ ની અરજી રજૂ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષએથી પણ તેવી અરજી નહીં મળ્યાનું કે ખંડન કરેલ નથી. જેથી અરજદારની માહિતી અરજીના મુદ્દા નં.૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી વિગતે આપવી જોઈએ તે અપાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ સિવાય પૂરી પડાયેલ હોઈ મુદ્દા નં.૨ ની નહીં પૂરી પડાયેલ તા.૨૭–૧–૧૧ ની અમુને જવાબ આપવામાં શા માટે વિલંબ થયો? તેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર પૂરક વિગતના મુદ્દા નં.૨ વેરા અંગે અપીલ તબકકે પૂરક વિગતોમાં જણાવેલ મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે કાયદાના નિયમ અને જોગવાઈ અનુસાર અરજદાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. પૂરક વિગતના મુદ્દા નં.૩ ગેરકયદેસર પ્રવૃતિ બંધ કરાવવાની કાર્યવાહીને લગતી બાબત હોઈ જે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે. વધુમાં અપીલ અરજીની પણ કલમ–૬(૩) હેઠળ સમયસર તબદીલી માટે કાળજી લેવા પણ જાહેર માહિતી અધિકારીને સૂચિત કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,

(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશચંદ્ર છોટાલાલ ગેડીયા,